વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : માર્ચ - ૨૨, ૨૦૧૭

# મૂલ્યો આધારિત સંગઠન બળ

અમારું સેવાનું સંગઠિત બળ ખરું, પણ મૂલ્યો આધારિત બળ, સાચા મૂલ્યો વિકસાવ્યા વિના એ બળ સંગઠનને બળવાન નથી કરતું તેવો મારો 'સેવા'નો જીવનભરનો અનુભવ મને કહે છે. તેના જીવંત દાખલા આજે 'અનસૂયા' લખ્યા છે. - *મનાલી*

## 'સેવા'ના સાહસી, અડગ આગેવાન



શાન્તાબેન વશરામભાઈ પરમાર, ૩૦ વર્ષથી શાકભાજી, ડુંગળી, બટાકા વેચવાનો ધંધો જમાલપુર એ.પી.એમ.સી. ગેટ નં-૧ના કોટ પાસે જમાલપુર સ્વાભાવિક બજારમાં કરે છે. હવે બાળકો મોટા થયા એટલે ૧૫ વર્ષથી તેઓ પણ વેચે છે તે તેમની સાથે થડા પર બેસે માલ ખરીદી લાવે પૈસાની લેવડ-દેવડ અને ઘણીવાર ખરીદીમાં બજારમાં કોઈ પ્રશ્નો દલાલો સાથે થાય કે વેચનારના જગ્યાના થાય તે દલાલને પોલીસ, કોર્પોરેશનને મળીને હલ કરે છે.

શાન્તાબેન શરૂઆતમાં શાકભાજી વેચતા ત્યારે જમાલપુર સ્વાભાવિક બજારમાં ફક્ત ૯૦ લોકો વેચનાર હતા. તેઓ વેચવા બેસે ત્યારે પોલીસ અને દબાણ તેઓને ઉઠાડી મૂકે, તેમના પર સમન્સ લખે ને ઘણીવાર તો દબાણની ગાડી તેમનો માલસામાન પણ લઈ જાય. તેઓ શરૂઆતમાં ૧૯૮૦માં અશોકભાઈ પંજાબીના યુનિયનમાં જોડાયેલા. આ યુનિયન મારફાડિયું અને તે કહેતાં. ''મારું મગજ પણ એવું કોઈ મગજમારી કરે તો ગાળો જ બોલું અને બોચી પકડીને મારું પછી જે થાય તે જોયું જાય. પોલીસ પણ હવેલી પોલીસ સ્ટેશનમાં લઈ જાય ને પૂરી દે! કલાકમાં છોડી દે અને હું કંઈ કરું નહી ગર્વથી પોલીસ સ્ટેશન જઉ'' પાછા કહે પોલીસવાળા બહુ બોલે તો તેમને પણ ગાળો આપું.

પોલીસ સાથેના આવા એક અનુભવની વાત છે અમૃતભાઈ કરીને એક ટ્રાફિક પોલીસવાળા તેમની લારીએ આવ્યાં તેમને લારી ખસેડવાનું કહ્યું પણ તે બરાબર બેઠા હતા તેથી તેમણે લારી ના હટાવી એટલે તે ભાઈએ લારી ઊંધી કરી નાખી. મોંઘાભાવનો માલ રસ્તામાં પડેલો જોઈને તેમને ગુસ્સો આવ્યો અને પછી તેમણે તે પાંચ પોલીસવાળા સાથે મારામારી કરી એટલે પછી આવ્યું ૧૦૦

પોલીસનું ટોળું. આટલું મોટું ટોળું જોઇ બીજા વેચનારા ગભરાયા અને પોતપોતાની લારીઓ છોડી ભાગી ગયા. પણ તેમણે અને તેમની દીકરીએ હિંમત હાર્યા વગર તેમનો સામનો કર્યો. આ બનાવમાં શાતાબેનને માથામાં વાગેલું અને તેમને તે સમયે આંખે પણ દેખાય નહી તે ગભરાયા પણ કહે, એમ કંઇ હિંમત ના હારીએ. પછી તો કોર્ટમાં કેસ દાખલ થયો. જ્યારે મુદ્દત હોય ત્યારે કોર્ટમાં હાજર થવું પડે. તેમનો કેસ મજબૂત. તે પોલીસવાળા ગભરાયા તેમના મા-બાપ તેમને કોર્ટમાં મળ્યાં ને કરગરવા લાગ્યાં. બેન કેસ ચાલશે ને કદાચ અમારો દીકરો સસ્પેન્ડ થાય તો અમારું શું ? બીજા દિવસે કોર્ટમાં જજે શાંતાબેનને પૂછ્યું શું કરવું છે બેન તમારે ત્યારે મારફાડીયા પણ નરમ દિલ શાંતાબેને કહયું ‘‘સાહેબ સસ્પેન્ડ કર્યા સિવાય કોઇ પણ સજા આપો જેથી ફરી કોઇ પોલીસવાળા બીજા કોઇ વેચનારા શ્રમજીવી બેન સાથે આવું ના કરે બીજું કે, આ ભાઇ સસ્પેન્ડ થશે તો તના બાળકો રઝળી જશે ને તે મારી જોડે વેચવા બેસશે પણ તેમને તે પણ નહી આવડે. તેથી તેમના કુટુંબનો વિચાર કરતાં આ પોલીસવાળાને નોકરીમાંથી ના કાઢશો.

આવા આપણાં શાંતાબેન ડગલે-ને પગલે સંઘર્ષ ખેડનાર છતાં અડગ આગેવાન ‘સેવા’ની વેચનાર કારોબારી તેમજ ઝુંબેશ ટીમ ને વળી કોર્પોરેશનમાં વેચનારાની યોજના નીચેની શહેરની ટાઉન વેંડિંગ કમિટીમાં પ્રતિનિધિત્વ કરે છે. ‘સેવા’માં જોડાયાની ૨૯ વર્ષની લાંબી મઝલ.... આ ઘટના જે આજ સુધી તેમના મનમાં જીવંત છે તેની વાત શાન્તાબેન જયારે કરતા હતા ત્યારે તેમનામાં સચ્ચાઇ, સાહસ ઉભરાઇને આવતું જોઇ શકાતું હતું. જય સેવા...

- *ગીતા*

## *ચાલીમાંથી દારૂનું દુષણ ભગાડી તો ખરું જ...*



રમીલાબેન રાઠોડ કહે છે કે અમારે ત્યાં દારુ અને જુગારનો ત્રાસ હતો અને જુગાર રમવા તો ચાલીના મેઇન રોડ પર બેસતા અને જુવાન દીકરાઓ ત્યાંથી નીકળે એટલે મશ્કરી કરે તેથી અમે બધા ચાલીના બહેનો એક થયા નક્કી કરેલ કે આપણી ચાલીમાંથી દારૂ જુગારનું દુષણ કાઢવું છે બધા બહેનોની મીટિંગ કરી તેમા રમીલાબહેને આગેવાની લીધી અને જુગાર રમતા છોકરાઓને ઉઠાડવા ગઇ ત્યાંથી મારે યુદ્ધ ચાલુ થઇ ગયુ.

ઝઘડો તો એટલો મોટો થયો કે પોલીસ આવી અમને પકડી ગઇ જામીન પર અમને છોડાવેલ પછી દારૂ માટે પણ અમે બંધ કરાવેલ તેથી ત્યાંના દારૂના ધંધાવાળા સાથે અમારે દુશ્મની થઇ. રાત્રે પોલીસ આવી અને બધાના ઘરના બારણાં તોડવા લાગ્યા અને બધાના ઘરમાં ઘુસી જઇને મારવા લાગી. સવાર પડી અને અમે તો રોડ પર બધા સૂઇ ગયા અને ત્યાં ટ્રાફિક જામ થઇ ગયો ને પોલીસની ગાડીઓ આવી અને બધાને મારવા લાગ્યા. હું તો ઇન્સપેક્ટરની સામે થઇ ગઇ કે અમારી બેન-દીકરીઓની ઇજ્જત લૂટાય, અમારાં છોકરાઓ દારૂ જુગારના રવાડે ચઢી જાય, અમારે અહી રહેવાનું ભારે પડી ગયું છે તમે તો પબ્લીકની વાત સાંભળતા નથી, અને અમે ન્યાય માંગીએ છીએ તો અમને મારો છો ? જાવને તમારામાં તાકાત હોય તો દારૂ જુગારના અડ્ડાવાળાને પકડો અને એ અડ્ડા બંધ કરાવો એમ કરી મારી સાથે ૫૦ બહેનો સામે પડી અમે પોલીસનો માર ખાધો પણ કાયમી દુ:ખ ગયુ. હાલમાં અમારી ચાલીમાં દારૂ કે જુગાર નામથી નથી ચાલતો એટલે બધા શાંતિથી જીવન જીવે છે. પણ મેં આગેવાની લીધી એટલે અત્યાર સુધી મારે વેઠવું પડે છે. મારા દીકરાને તો માથામાં તલવાર મારેલ. ૨૫ ટાંકા આવેલા. હાલ તેને ગામડે સ્થાયી કર્યો છે પણ, હું હિંમત નથી હારતી. બધા મને કહે છે કે ઘરમાં જુવાન દીકરીઓ છે ને અહીથી બીજે રહેવા જતી રહે પણ હું મારૂ જ વિચાર્યુ હોત તો આજે મારી ચાલીમાં લોકો શાંતિથી રહે છે.

- **રમીલા**

## *મારા ઘરે આવી તે એમાં ‘પાછી આવી’ એવું કેમ કહેવાનું ? નીતાબહેન પૂછે છે...*



મારું નામ નીતાબહેન દેવાભાઇ ચાવડા. મારી ઉંમર ૨૮ વર્ષની છે. હું સુરેન્દ્રનગર જિલ્લાના વડગામમાં રહું છું. મારા ઘરમાં હું, મારાં માતા-પિતા અને ભાઇ-ભાભી એમ પાંચ લોકો રહીએ છીએ. મારા લગ્ન હારીજ પાસે મુજપુર ગામમાં થયા હતા. અમારાં સમાજમાં લગ્ન માટે વચન આપી દેતા હતા કે હું મારી દીકરી તમને આપીશ પણ, સામે જોતા નહીં કે દીકરો કેવો છે, શું કામ કરે છે. વીસ વરસે મારું આણું કર્યું અને હું સાસરે ગઇ તો ખબર પડી જેની સાથે મારાં લગ્ન થયા છે તેમને મગજ થોડું ઓછું છે અને એક આંખે તકલીફ છે. હું તો આવું જોઇને ચિંતામાં આવી ગઇ કે મને મારા મા-બાપે ક્યાં નાખી દીધી. હું તો એક અઠવાડિયું રોકાણી અને બીજા આણે મેં સાસરે જવાની ધરાર ના પાડી દીધી.

મારા માતા-પિતાને માથે તો જાણે આભ તૂટી પડ્યું. મને સાસરે પાછી જવા માટે સમજાવતા જ રહ્યા. અમારે તો હવે સમાજમાં મોઢું પણ નહીં બતાવી શકાય. પણ હું તો ટસની મસ ના થઇ અને મેં કહી દીધું કે હું આજે ય નહીં ને કાલે ય નહીં, પાછી સાસરે તો નહીં જ જાઉં. સમાજવાળાઓએ પણ મારાં મા-બાપને પીંખવાનું શરું કરી દીધું. દીકરીને સમજાવીને પણ સાસરે તો મોકલવી જ પડે. એવી તે વળી શું મોટા ઘરની છે કે સાસરે ના ફાવ્યું ?! દીકરી તો સાસરે જ શોભે. અમારાં સમાજમાં બીજે લગ્ન પણ ના થાય એટલે કહે હવે આ ભાર પાલવો આખી જીંદગી. મારા માતા-પિતાએ સમાજમાં કોઇ પણ પ્રસંગે જવાનું બંધ કરી દીધું. જો કે બધી જ પરિસ્થિતિમાં હું તો મારા નિર્ણયમાં મક્કમ જ રહી. મેં મારા માવતરને કહ્યું કે હું તમને ભારે નહીં પડું. તમારાં પડખે જ ઊભી રહીશ.

પછી મેં સીવણ શીખવાનું શરું કરી દીધું. તેવામાં જ એક દિવસ મારાં ગામમાં 'સેવા' આગેવાનો આવ્યાં. એમણે ગ્રામસભા કરી તેમાં હું પણ ગઇ. મને 'સેવા'ના કામની ખબર પડી. બીજા દિવસે હું મારાં ભાઇને લઇને વિસાવડી સેન્ટર પર ગઇ. મને થયું કે અહીં બધા બહેનો જ છે. તેઓ ગામડાંમાં પણ બહેનો માટે જ કામ કરે છે. હું પણ જોડાઇને કામ કરું ને ઘરની બહાર નીકળું. મારા માવતરને પણ થયું કે મારી દીકરી પગભર થશે તો એની જીંદગી બદલાશે ને એમણે મને કામ કરવાની હામી ભરી દીધી. મેં અહીંયા રૂડીની વસ્તુઓનું વેચાણ થતાં જોયું. મેં પણ મારાં ગામમાં રૂડીની ચીજ-વસ્તુઓનું વેચાણ શરું કરી દીધું. મારું વેચાણ સારું થતાં મને સલાહ મળી કે, તમે તો ૯મી પાસ છો તો આજુબાજુના ગામોમાં પણ વેચાણ કરવા જવાની હિંમત કરો. પણ, હું તો અચકાઇ. અમારાં વિસ્તારમાં ગામડે જવા ઝટ સાધન ના મળે. મને વાહન પણ આવડતું નહોતું એટલે કેવી રીતે હામી ભરું ?! મારે સ્કૂટી શીખવું હતું પણ મને કોણ શીખવાડે ?! 'સેવા'ના વિસાવડી કેન્દ્રમાં એની પણ વ્યવસ્થા થઇ ગઇ. ત્યાં ડ્રાઇવીંગ શીખવાનું મશીન હતું. તો મને વિચાર આવ્યો કે પહેલાં હું આ ડ્રાઇવીંગ શીખવાનું મશીન શીખું ને પછી વિશ્વાસ આવી જાય એટલે સ્કૂટી પણ ચલાવી શકીશ ને ગાડી પણ. મેં ડ્રાઇવીંગ શીખવાનું શરું કરી દીધું ને મને મજા પડવા માંડી.

હવે તો મેં ગાડી ચલાવવાનું પણ શરું કરી દીધું. મારા પિતા પાસે ગાડી છે પરંતું તેમને ગાડી ચલાવતા આવડતી નહીં. તે ખેતી કરવા માટે જે દવા છાંટવાના પંપ આવે તેના વેચાણનું કામ કરે છે. તે આખા વર્ષમાં એક વખત જ વેચાણ થાય. મેં મારા પિતાને કહ્યું કે હવે હું જ ગાડી ચલાવીશ ને તમારી સાથે આવીશ. એવી રીતે મારાં પિતાના વાહનનો ખર્ચ પણ ઘટ્યો. મારું રૂડીનું વેચાણ પણ ચાલું જ રાખ્યું. ને મારી આવક પણ વધવા માંડી.

હવે તો હું પંપના વેચાણની સીઝન પતી જાય એટલે એમનું સ્કૂટી લઇને આજુબાજુના ગામોમાં રૂડીનું વેચાણ પણ કરવા લાગી. મારું વેચાણ વધવા લાગ્યું. મેં એસોસિએશનમાંથી રૂા. ૫૦,૦૦૦ની લોન લીધી અને મારું પોતાનું સ્કૂટી ખરીદ્યું. અત્યારે હું મારાં ગામથી આજુબાજુના બીજા ૪ ગામોમાં ૫ થી ૧૫ કિ.મી. સુધીના અંતરે વેચાણ કરવા જાઉં છું. તેમાં મહિને રૂા. ૧,૦૦,૦૦૦ સુધીનું વેચાણ થઇ જાય છે અને તેમાં ૧૦ ટકા મને કમીશન મળે છે. હું મારી સ્કૂટીનો હપતો પણ ભરી શકું છું. ગામમાં પહેલી હું એવી બહેન હતી જે પોતાનું સ્કૂટી લઇને આમ રમરમાટ ભાગતી હોય. ગામવાળા મારા માતા-પિતાને કહે, છોકરીને તો કાંઇ બહું છૂટ આપી છે ને. પણ, હવે તો મારા માવતર ને પરિવારના સભ્યો પણ મને પૂરો સહકાર આપે છે. સમાજની વાતોથી એમને બહું ફેર પડતો નથી. હું પગભર થઇ છું તેનું ગર્વ છે.

જે ગામવાળા મારી વાતો કરતા હતા તે કહેવા માંડ્યા, દીકરીનું જીવતર બગડતા બચ્યું. દીકરીનું મન ના હોય તો જબરજસ્તી ના કરાય. જીંદગી ના બગાડાય.

*- ભાવિની*

## *દાયણબહેન ખરી પણ ડૉક્ટર પણ પીઠ થાબડે... નંદુબહેન*




ચાર ચોપડી ભણેલા નંદુબેન શ્રીમાળી. દાયણબેન તરીકે વર્ષો કામ કર્યુ. અમદાવાદ જિલ્લાના એણાસણ ગામમાં રહેતા ૫૯ વર્ષના નંદુબેનની હિંમત ને બાહોશીની વાત સાંભળી તો સલામ કરવાનું મન થાય. નંદુબેન કહે કે ૨૫ વર્ષ દાયણનું કામ કર્યુ. જ્યારે અમારા ગામમાં કોઇ દવાખાનું નહોતુ ત્યારે મને કોઇ અડધી રાતે પણ આવે ને કહે કે હાલો ને નંદુબા અમારે વહુ-દીકરીને સુવાવડ આવવાની છે તો હું ઝટથી દોડી જતી ને હેંમખેમ સુવાવડ કરાવતી. મારું ગામ એણાસણ ને આજુબાજુના બિલાસીયા, રાયસણ, મેદરા, રાયપુર અને મુઠિયા જેવા ગામમાં જઇને ઘણી બહેનોને સમીસુળે સુવાવડ કરાવી લેતી. એક વાર એક બેનને ઘરે સુવાવડ માટે ગઇ હતી ને જોયું તો બેનની હાલત થોડી નાજુક હતી એટલે મેં કહ્યું, આમને દવાખાને લઇ જવા પડશે ને લઇ ગયા. ડૉક્ટરે તપાસ કરી તો કહે કે આમને તો હજુ વાર લાગશે. હવે પેલા બેનની હાલત જોવાતી નહોતી. ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી રાહ જોઇ એક

બાજુ એ બેન બૂમો પાડે ને મને પણ ચેન ના પડે. હું ઊભી થઇને ડિલિવરી રૂમમાં ગઇને પેલા ડૉકટરને કહ્યું કે સાહેબ આ બેન કેટલી હેરાન થાય છે ? તો ફરી પાછા કહે કે હજુ વાર છે. મેં તો કંટાળીને કહયું કે તમારાથી ના થતુ હોય તો મને કહો હું કરાવી દઉં સુવાવડ. ને ડૉકટર કહે તમારાથી થઇ જતું હોય તો તમે કરાવી દો. મેં તો ૨૦ મિનિટમાં દવાખાનામાં એ ડૉકટરબેનની સામે જ એ બેનની સુવાવડ કરાવી તો ડૉકટરબેને મારી પીઠ થાબડી ને બોલવા લાગ્યા કે બેન તમે તો ડૉકટરને પણ પાછળ રાખી દીધા. તમે અમારી સાથે દવાખાનામાં કામ કરવા આવો. અહીં તમારા જેવા બહેનોની જરૂર છે.

મને એક વાર એણાસણ ગામની એક બેનને સુવાવડ કરાવવા બોલાવી. મને તો એવું લાગ્યું કે, આ બેનને દવાખાને લઇ જવી પડશે. તાત્કાલિક છકડામાં લઇને વહેલાલની સરકારી હોસ્પિટલમાં ગયા. દાખલ કરી તો નર્સે ડિલિવરી કરાવીને બેનના ઘરવાળાની પાસે ૫૦૦/- રૂા. માંગ્યા ઘરવાળાએ તો બેનને પૈસા આપી દીધા. ને પછી ઘરે ગયા ત્યારે એમણે મને વાત કરી તો મેં તેમને કહ્યું કે આપણે તો સરકારી દવાખાને ગયા હતાં તો, કેમ પૈસા લીધા ? બીજે દિવસે હું તો દવાખાને પહોંચી જઇને નર્સબેનને કહ્યું કે તમે આમની પાસે ડિલિવરીના પૈસા લીધા છે એટલે પાછા આપી દો નહીં તો તમારા વિરોધમાં કેસ કરીશ. પૈસા પાછા આપ્યા ને એમના ડૉક્ટરે નર્સબેનને કહ્યું કે આજ પછી કોઇ પાસે પૈસા લીધા તો તમારી નોકરીને જોખમ આવશે.

મારી દીકરીને લગ્ન પછી ૧૦ વર્ષે જતાં એને બાળક પેટ રહ્યું. તેની સુવાવડ પણ મેં મારા ઘરે કરી હતી ને તેને દીકરી થઇ હતી તે આજે એમ.બી.એ.ના છેલ્લા વર્ષમાં ભણી રહી છે.

દાયણના કામનું માર્ગદર્શન મને મારી મા પાસેથી મળ્યું હતું. મને 'સેવા' વતી ઘણી તાલીમો મળી છે. આ તાલીમો મને બહુ ખપમાં લાગી અને વધુ સારું કામ કરતી થઇ. આરોગ્ય સેવા તેમજ સરકાર દ્વારા પણ દાયણ તરીકેના પાંચ પ્રમાણપત્રો મને મળેલા છે. ૨૦૦૧માં જ્યારે મને મેક્સીકો જવાનું કહ્યું તો વિઝા માટે મુંબઇ ગઇ. ત્યાં ઓફિસરે મારું ઇન્ટવ્યું લીધું.મને કહે કે તમે તો માત્ર ચાર ચોપડી ભણ્યા છો અને તમને તો અંગ્રેજી પણ નથી આવડતું તો તમે ના જઇ શકો ? તમે દાયણબેન છો તેની શું સાબિતિ છે? ત્યારે મેં જે મારી પાસે પ્રમાણપત્રો હતા તે બતાવ્યાં ને કહ્યું કે સાહેબ, મને ભલે અંગ્રેજી ના આવડે પણ મારી બહેનો મારી સાથે છે જે મને સાથ-સહકાર આપશે. હું પહેલી વાર વિમાનમાં બેસીને વિદેશ જઇ આવી... - *ગોમતી*

## *બાલસેવામાં બાળકો તો પાંગરે છે પણ માતાઓનો પણ આત્મવિશ્વાસ વધે છે...*



બાલસેવા સાથે જોડાયાને ૨૬ વર્ષ થઇ ગયા ગૌરીબહેન પરમારને. ગૌરીબહેન ત્યારની વાત કરે છે જ્યારે સરસપુર વિસ્તારમાં કોઇ આંગણવાડી કે આઇ.સી.ડી.એસ.ના કેન્દ્ર નહોતા ચાલતા. તે વખતે માત્ર બાલસેવા કેન્દ્રમાં જ શરૂ થયેલું. આખા વિસ્તારની ચાલીમાં ફરી ફરીને બાળકોને કેન્દ્રમાં લાવવા માટે મથતી ને બહેનોને ઘણું સમજાવતી ને બાળકો કેન્દ્રમાં ધીરે-ધીરે આવતા થયા. આપણું બાલસેવા કેન્દ્ર સારે રીતે ચાલતુ ને એમાં આજુબાજુના ગુંડાતત્ત્વો દારૂ પીને કેન્દ્રમાં આવીને મને ધમકાવતા અને કહેતા આ બધુ શું માડયું છે કેમ બધાંના છોકરાઓને ભેગા કરો છો કોની પરમીશનથી આ કામ કરો છો શુ મળશે આનાથી ? ને ના હોય તેવા અપશબ્દો બોલીને મને ડરાવતા ધમકાવતા. હું તો શાંતિથી સાંભળતી રહી. આવુ થોડા દિવસો સુધી ચાલ્યું પછી મે એમને શાંતિથી સમજાવ્યાને કહ્યું કે અમે 'સેવા'નું કામ કરીએ છીએ જે શ્રમજીવી બહેનો બહાર કામ પર જાય છે ને તેમના બાળકો જ્યાં ત્યાં રખડતું ના રહે અને સારું પોષણયુક્ત આહાર મેળવી શકે તેવા કામ કરું છું. બે ચાર વાર સમજાવ્યા ને એ ભાઇ આપણાં કામને સમજ્યાં ને પછી પોતે જ બાળકો માટે બિસ્કીટ અને ચોકલેટ લઇને આપવા લાગ્યા.

પાંચ વર્ષ પહેલાં જ્યારે સરકારી આંગણવાડીનું કેન્દ્ર સરસપુર વિસ્તારમાં શરૂ થયું ત્યારે સરકારી આંગણવાડીના કેન્દ્રની શરુઆત થઇ. પણ, એમનો સમય ઓછો ને આપણો વધારે એટલે આપણાં કેન્દ્ર પર કોઇ બહુ અસર ના થઇ. કોઇ પણ કેન્દ્ર હોય સવાલ તો બાળકોના વિકાસનો છે.

બાળકોની સંભાળની સાથે બહેનોને કોઇ પણ સરકારી કામમાં મદદરૂપ થઉં છું. એકવાર એક વિસ્તારના શ્રમજીવી નર્મદાબહેન એમના બાળકને બાલસેવા કેન્દ્રમાં મૂકવા આવ્યા ને મને કહે કે બેન મારે રેશનકાર્ડ કઢાવવું છે. તો મેં એમને કહ્યું કે તમે હું જેમ કહું તેમ તમે કરો એ બેન કહે સારું. એમને કહ્યું રેશનકાર્ડ માટે ફોર્મ લઇ આવો તેમને લાવ્યા ને મેં તેમને ભરીને આપ્યું તે જમા કરવા ગયા ને ત્યાં એ સાહેબ ફોર્મ નહોતા જમા લેતા. એમને એક વાર કહ્યું- બે વાર કહ્યું પણ સાહેબ તો અલ્લા-દલ્લા કરવા લાગ્યા. બેન પાછા આવ્યા ને મને વાત કરી. મેં તેમને કહ્યું કે, આ બધું કામ પૈસા વિના જ થાય છે તમારી પાસે પુરાવા પૂરતા હોય તો ક્યાંય પૈસો ખર્ચવાની જરૂર નથી. તમે ફરીથી જાવ અને  એ સાહેબને મોટેથી બોલીને કહો કેમ મારું ફોર્મ જમા નથી કરતા ? શું ખૂટે છે આમા ? મને કહો. એ બેન મોટેથી બોલ્યા ત્યાં તો પેલા સાહેબ ઝટથી બેનના હાથમાંથી ફોર્મ લઇને કહેવા લાગ્યા કે લાવો બેન, લાવો બતાવો તમારું ફોર્મ એમ કરીને વાત સાંભળીને ફોર્મ જમા લઇ લીધું.

- *ગોમતી*

## *'દીકરીઓ તમે ભણો... પડશે એવા દેવાશે' રૂખીબહેનનો હુંકાર*



આજે મારે મારી દીકરીઓના ભણતરની વાત કરવી છે. મૂળ તો અમે પશુપાલનનું કરીએ. મારું ગામ પાટડી તાલુકાનું નાગવડા. હું ને મારાં ઘરવાળા બિલકુલ ભણેલા નહીં. અમારે ત્રણ દીકરીઓ ને એક દીકરો છે. મેં મારી મોટી દીકરીને ધો. ૭ ને દીકરાને ધો. ૧૦ સુધી ભણાવ્યા.  હું છેલ્લાં ૧૦ વર્ષથી 'સેવા'માં આગેવાન તરીકે કામ કરું છું. હું જ્યારે પણ કેન્દ્રમાં આવું ત્યારે મને થાય કે અમારાં માવતરે ય અમને ભણાવ્યા હોત તો કેટલું સારું.

મારો કાયમ જીવ બળ્યા કરતો. મોટી દીકરીને બહુ ભણાવી નહીં એનો અફસોસ થતો ને જોડે જોડે મનમાં નક્કી ય કરી દીધું કે પાછલી બે દીકરીઓને તો ઠેઠ લગી ભણાવીશ. ભલે ને કાંઇ પણ જોખમો આવે. મારાં સસરાને ગંધ આવી ગઇ ને એમણે તો ધરાર નનૈયો ભણી દીધો. ગામવાળા ય કાંઇ બાકી રહે ?!  ખરાં છો તમે... દીકરીઓને તે વળી આટલી છૂટ અપાય ?! દીકરીઓ પાછળ તો થોડો ખર્ચો થાય ?! મેં તો રોકડું જ પરખાવી દીધું, આ ખોટો ખર્ચ નથી પણ હું તો એક બીજ વાવી રહી છું જે ભવિષ્યમાં ઉગી નીકળશે.

મારી બીજા નંબરની દીકરી મનિષાને ગામની નિશાળમાં ધો. ૭ સુધી ભણાવી ને પછી પાટણ પાસેની હાજીપુર ગામની રબારી સમાજની હોસ્ટેલમાં ભણવા માટે મોકલી. તે ભણવામાં બહુ હોંશિયાર હતી. ધો. ૧૨ પાસ કર્યું ને કહે હવે તો મારે નર્સીંગનો કોર્સ કરવો છે. પણ એમાં તો ૨ લાખની ફી થાય. મેં  કહ્યું, દીકરી તું પૈસાની ચિંતા ના કર. એ બધું ફોડી લઇશું. મેં હાજીપુરમાં બે વર્ષનો નર્સીંગનો કોર્સ કરાવ્યો.

મેં મારી દીકરી મનિષાને જ્યારે ગામની બહાર હોસ્ટેલમાં ભણવા જવાનું નક્કી કર્યું ત્યારે મારાં મનમાં એક જ વિચાર ચાલે કે આજે મારી દીકરીને પહેલ કરાવીશ તો પાછળ ઘણી બધી ગામની દીકરીઓ માટે દરવાજા ઉઘડશે. ભલે ને હાલ મારે સંઘર્ષ કરવો પડે. જે દિવસે મારી દીકરીને હોસ્ટેલ જવાનું હતું ત્યારે તેણે, મને કહ્યું હું દાદાને મળી આવું. મેં મારી દીકરીને રોકી. રખે ને દાદાની વાતોથી એનું મન બદલાઇ જાય.

ગામના ને સમાજના મેણાં ટોણા વચ્ચે પણ હું ને મારી દીકરી તો અડગ જ રહ્યા ને આ તાકાત આવી કેમ કે હું 'સેવા'ની આગેવાન હતી.

હવે, તો મારી મનિષા નર્સ થઇ ગઇ ને ધ્રાંગધ્રાના સરકારી દવાખાનામાં એને કામ પણ મળી ગયું. તે સગર્ભાબહેનોને રસીકરણની અને સરકારી યોજના પર કામ કરે છે. મહિને રૂા. ૧૦,૫૦૦નો પગાર મળે છે.

હવે વારો આવ્યો મારી ત્રીજા નંબરની દીકરી કંકુનો. તે પણ એની બહેનની પાછળ પાછળ હોસ્ટેલ પુગી ગઇ ને ત્યાં ધો. ૧૨ પછી કૉલેજમાં એડમીશન લીધું. એને પહેલેથી જ પોલીસમાં ભરતી થવું હતું. ત્યાં હોસ્ટેલમાં જ રહીને પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષાની તૈયારી કરાવી ને ત્રણ મહિનાનો કોર્સ કરાવ્યો. કૉલેજના ત્રીજા વર્ષમાં ભણતા ભણતા જ પોલીસની પરીક્ષા પણ આપી દીધી. પાસ પણ થઇ ગઇ ને હવે મારી કંકુ પોલીસ કોન્સ્ટેબલ બની છે.

મારી બંને દીકરીઓ અમારાં ગામનું ગૌરવ છે. હવે, બીજી દીકરીઓને પણ એ જ રસ્તે જોતરવી છે. દીકરીઓને પણ અમારી પર ઘણો ગર્વ છે. સંઘર્ષ થયો પણ હામ હતી તે બધું જ એક પછી એક પાર પડવામાં માંડ્યું.

આ તો સંઘર્ષની વાત પણ, એની પાછળ પૈસા ખર્ચવાની હિંમત ને આયોજન તો વિસાવડી સેન્ટર પર ખેતીશાળામાં સંકલિત ફાર્મ મેનેજમેન્ટની ત્રણ વાર તાલીમ લીધી એ પછી જ આવી. આ તાલીમનો ઉપયોગ કરી મેં મારી પડતર જમીનને ઉપજાઉ કરવાનું શરું કર્યું. અત્યાર સુધી જમીનમાં કશી જ ઉપજ થતી નહોતી. પણ, ખેતીશાળામાં તાલીમ લીધા બાદ મેં ગાય-ભેંસનું ગોબર વેચાણ કરવાનું બંધ કરીને ખેતરમાં ખેતીકામ કરવા લાગી. મારી જમીન બે વર્ષમાં ફળદ્રુપ થઇ ગઇ અને તેવામાં જ કેનાલનું પાણી પણ મળ્યું. ત્યારે મેં જીરા અને એરંડાનું વાવેતર કર્યું. ૧૦ વર્ષથી બેકાર પડેલી જમીનમાં પહેલીવાર ૩૦ મણ જીરું ને એરંડાનું વાવેતર કર્યું. ૧૦ વર્ષથી બેકાર પડેલી જમીનમાં પહેલીવાર ૩૦ મણ જીરું થયું અને ૨૦૦ મણ એરંડાનું ઉત્પાદન થયું. એકબાજું જમીન ઉપજાઉ થઇ ને બીજી બાજું દીકરીઓનું ભણવાનું સપનું પણ પૂરું કરી શકી.અમારાં જેવા ગામડાંના બહેનોને ‘સેવા’ના જ્ઞાનવિજ્ઞાન કેન્દ્ર દ્વારા જીવનની એક દિશા મળી અને આખું ય કુટુંબ ઉંચું આવ્યું.

મારી બે દીકરીઓને ભણતી જોઇને આજે મારાં ગામની ૨૦ દીકરીઓ ભણવા જઇ રહી છે.

- *ભાવિની*

## કડિયા કામદાર કાન્તાબેન ગણેશભાઈ રાઠોડ



બાંધકામ ક્ષેત્ર એટલે આખો પુરુષપ્રધાનવાળો ધંધો અને આ ધંધામાં કામ કરતી બહેનો જોઇએ તો કાંતો ઇંટો, રેતી કે તગારા ઉપાડતા હોય અને ઓછું વેતન આ બહેનોને મળતું હોય અને એક મહિલા કામદાર તરીકે ક્યારેક માન તો મળે જ નહિ. હંમેશાં ત્યાંના કોન્ટ્રાક્ટર એ..... કાન્તાડી, કે એ..... મધુડી.... થી જ બૂમો પાડતા હોય. પણ કડિયા કામદાર બહેનોની સહકારી મંડળી આ ‘રચયિતા’ના કારીગર બહેન કાન્તાબેનની તો વાત જ અભિનંદનીય છે.

કાન્તાબહેનની ઉંમર ૪૭ વર્ષની છે તે વિધવા બહેન છે. તેઓ છેલ્લાં ૩૦ વર્ષથી આ કડિયા કામ કરી રહ્યાં છે. ત્યારે તે ‘સેવા’ સાથે જોડાયેલા છે તે જ તેમના ઘરના એક મુખ્ય કમાનાર વ્યક્તિ છે. આખા મહિનામાં એક જ દિવસ રજા રાખે છે બાકીના દિવસ કામ કરે છે.

રચયિતામાં જોડાયા એ પહેલાં કાન્તાબહેન રોજ સવારે નાકા પર ઊભા રહેતા નાના-મોટા રીપેરીગના કામ કોઇ કોન્ટ્રાક્ટર લઇને આવે તેમની સાથે જાય અને મજૂરીકામ કરે પણ કેટલા દિવસ મળે, કેટલી હાજરી મળે તેની કોઇ ગેરંટી નહી. રોજ તેમને તેમનું કામનું વેતન લેવા માથાઝીંક કરવી પડે આ કામ પણ રોજે રોજ મળે નહી. પછી ‘રચયિતા’ સાથે કાન્તાબેન છેલ્લા આઠ વર્ષથી જોડાયેલા છે અને તેમાં તે શરૂઆતમાં નાના કામ કરતા થયા. ટચિંગના કામથી સાઇટ પર શરૂઆત કરી તે વખતે તેમને ૨૫૦ થી૩૦૦ રૂા. મળતા. ધીરે-ધીરે તેમનામાં આત્મવિશ્વાસ વધતો ગયો. ચણતર પ્લાસ્ટરના કામ કરતા થયા. તેઓ તેમના કામનું મેઝરમેન્ટ લેતા થયા. અભણ હોવા છતાં પણ ૧૪'' ની દીવાલ કે ૯'' ની દીવાલ અને તેનું ફાઉન્ડેશન કેવી રીતે કરવું તે બધું ધીમે ધીમે પોતે કરવા લાગ્યા. હાલમાં તેમને તમામ કંપનીઓમાંથી કંપનીના સુપરવાઇઝર કહેતા જ હોય કે આ કાંતાબેનને અહી કામમાં મૂકી દો. અહીથી કાંતાબેનને ખસેડશો નહિ. આ બધી કન્સટ્રક્શન સાઇટ પર કંપનીમાં તે બધા જ અલગ-અલગ પ્રકારના કામ જેવા કે આઇ.પી.એસ.વરસાદના નિકાલની જે ગટર હોય ત્યાં પથ્થર લગાવવા, ટોયલેટ બનાવવા, ગટરના જોડાણનું કામ હોય બધા જ કામ તે પોતે જાતે કરવા ઉપાડી લે.

''કાંકરિયા સાઇટ પર બીજા નંબરના બેઝમેન્ટમાં ટાંકીની અંદર પ્લાસ્ટર કરવાનું હતું તો કોઇ પુરુષકારીગર કરવા તૈયાર નહોતા તો આપણાં કાંતાબહેને જ પહેલ કરી કંપનીના સાહેબને કહ્યું કે, એક લાઇટની વ્યવસ્થા કરો હું ટાંકામાં ઉતરી બધું પ્લાસ્ટર પૂરું કરી આપીશ'' અને ચાર જ દિવસમાં આખા ટાંકામાં પ્લાસ્ટર પૂરું કરી દીધું.

આ ઉપરાંત કાંતાબેન કંપનીની રાયપુર સાઇટ પર તમામ મેન્ટેનન્સના કામ જેવા કે ટાઇલ્સ લગાવવી અને આ ટાઇલ્સ કાપવી

હોય તો મશીનથી કાપતા થઇ ગયા એટલે કામ પણ ઝડપી કરવા લાગ્યા. ગટરના કનેક્શન સરખા કરવા ટોયલેટના રીપેરીગ કામની જવાબદારી મંડળી વતી પોતે લેતા થયા અને આ કામ એમને સતત ત્રણ વર્ષ એક જ સાઇટ પર મળ્યું. હાલમાં એ જાતે પણ કામ રાખે છે અને તેમને પોતાનું મકાન પણ બે માળનું જાતે જ બનાવ્યું અને સ્વતંત્ર રીતે કામ કરી રહયાં છે. - *વર્ષા ઠાકર*

## ગીતાંજલિ સ્ટેશનરી સહકારી મંડળીની હું છું 'માસ્ટર ટ્રેનર'



ગુજરાતના અમદાવાદ જિલ્લાના વસઇ ગામના એક ગરીબ પરિવારમાં જન્મેલી હું એટલે કે પાલીબેન અમૃતલાલ સોલંકી. જન્મના એક વર્ષ બાદ મારો પરિવાર ગામડું છોડીને શહેરમાં એટલે કે અમદાવાદમાં સ્થાયી થયો. પરિવાર મોટો હોવાથી મને મારા કાકા-કાકીને ત્યાં અભ્યાસ માટે મૂકવામાં આવી. પરંતું મારા કાકા-કાકી પણ કામ પર જતા હોવાથી મારા દાદાને સાચવવાની જવાબદારી મારા પર આવી ગઇ. ને એની મારા શિક્ષણ પર પડી. ધો. સાત પછી મને શાળામાંથી ઉઠાડી મૂકવામાં આવી. આ રીતે સાતમાં ધોરણ પછી મારા અભ્યાસ પર પૂર્ણવિરામ મૂકાઇ ગયું. ઘરની આર્થિક સ્થિતિ સારી નહીં એટલે હું રસ્તામાં કાગળ-કચરો વીણવાનું કામ શરું કર્યું ને ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થવા માંડી.

૧૯૮૮ની સાલમાં 'સેવા'માં શકીબહેન અમારા વિસ્તારમાં આગેવાન તરીકે કામ કરતા હતા. તેમણે મને 'સેવા'ની મીટિંગમાં બોલાવી. જ્યાં મારા જેવા ઘણાં શ્રમજીવી બહેનો હતા જે કચરા વીણવા જતા હતા. મીટિંગમાં મને લાગ્યું કે મને અહીંયા તો ઘણું બધું જાણવા મળશે. હું તરત જ 'સેવા'માં જોડાઇ ગઇ. સૌપ્રથમ મેં સ્ટેશનરી બનાવવાની તાલીમ લીધી. ત્યારબાદ સંગઠક તરીકે મેં સ્વચ્છતા અભિયાનની કામગીરીમાં જોડાઇ. સાથે-સાથે વિસ્તારમાં ચાલતા 'સેવા'ના શાંતિપથ કેન્દ્રની પણ સંચાલક બની. ૨૦૦૮ની સાલ મારા માટે ઘણું જ પડકારરૂપ બની રહ્યું. વેજલપુર વિસ્તારમાં ૪૫,૦૦૦ ઘરોમાં ૩૬૬ કચરો વીણનાર બહનો દ્વારા ઘરે-ઘરેથી સૂકો-ભીનો કચરો એકત્રિત કરવાની કામગીરી અચાનક જ બંધ થઇ. આ બહેનો બેકાર બની ગયા. આ બહેનોને ગીતાંજલિ મંડળી સાથે જોડવાનું નક્કી થયું. હવે મારી પણ જવાબદારી વધી ગઇ. આ બધા જ બહેનોને તાલીમ આપવાનું કામ મારા શિરે હતું. બહેનોને તાલીમ આપીને વધુ ને વધુ કામ મેળવવું અને બહેનોને રોજગારી આપવી તે મહત્ત્વનું બની રહ્યું. બહેનોને શીખવતા શીખવતા હું પણ ઘણું બધું શીખવા માંડી. બહેનો પાસેથી ગુણવત્તાવાળું કામ લેવું અને એ પણ નિયત સમયે કામ થવું જરૂરી. બહેનો સાથે હું પણ ઘડાવા લાગી. બહેનોએ બનાવેલી સ્ટેશનરી જેવી કે નોટપેડ, સ્પાઇરલ પેડ, નોટબુક વગેરે ભારતના વિવિધ શહેરો કોલકત્તા, બેંગ્લોર, પુના, હૈદરાબાદ, નોઇડામાં વેચાણ અર્થે મોકલવાની શરુઆત થઇ ગઇ. વિશ્વની પ્રતિષ્ઠિત કંપનીઓ જેવી કે એક્સેન્ચર, સ્ટેપલ, સીસકો, વિપ્રો, ગોલ્ડમેચ વગેરેમાં ગીતાંજલિ મંડળીની સ્ટેશનરી પહોંચતી થઇ. હાલ શ્રી ગીતાંજલિ મંડળીમાં મારા હાથ નીચે ૭૦૦ બહેનોએ તાલીમ લીધી છે. જેમાં ૨૦૦ બહેનોને રોજગારી મળી રહી છે.

હું માત્ર સાત ધોરણ ભણેલી આજે સ્ટેશનરીના કોઇ પણ મશીનને ચલાવી શકું છું અને તેને રીપેર પણ કરી શકું છું. સ્ટેશનરીનું કોઇ પણ સેમ્પલ હું બનાવી શકું છું. એક કચરો વીણનારમાંથી આજે હું માસ્ટર ટ્રેનર છું જેનો મને ગર્વ છે. આ બધુ શક્ય બન્યું છે 'સેવા'ના સાથને કારણે હું નવું નવું શીખતી ગઇ અને શીખવતી ગઇ. જેને લીધે આજે ૨૦૦ બહેનો મંડળી થકી રોજગારી મેળવી પગભર છે.

## નીડર અને લાગણીશીલ ચંપાબેન



વાત છે 'સેવાના બાહોશ, લાગણીશીલ વેચનાર સંગઠક ચંપાબેન અરૂણભાઇની જેમણે નીડરતા બતાવીને ભદ્ર સ્વાભાવિક બજારમાં પોલીસ વેચનારા પાસેથી હપતો ઉઘરાવતાં હતાં તેમને રોકવાનું બીડું ઝડપ્યું.

આ વાત છે નવરાત્રિ પછીના દિવસોની. નવરાત્રિના તહેવાર પછીના દિવસો હોવાથી ભદ્રમાં લવાજમ લેવા માટે અમે પણ ભદ્ર ગયાં હતાં. મારા હાથમાં સભ્ય સંખ્યાની ચોપડી હતી. મેં જોયું કે, પ્રેમાભાઇ હોલ પાસે એક વેચનારા ભાઇ પાસે એક પોલીસ કોન્સ્ટેબલ રૂ. ૫૦/- માંગતા હતા. પેલા ભાઇ કરગરીને પોલીસને કહેતાં હતાં કે, સાહેબ હજુ ધંધો થયો નથી. વળતા આવો તો હું તમને પૈસા આપું. પણ પોલીસે કંઇ પણ વિચાર્યા વગર તેમની બાસ્કેટ ફેંકી દીધી. આ જોઇને મેં કહ્યું કે, સાહેબ એ તમને પૈસા આપવાની ના નથી પાડતાં હાલમાં તેમની પાસે પૈસા નથી તો તમે શા માટે તેને મારો છો ? અને મેં પૂછ્યું કે, તમે શેના પૈસા માંગો છો ? અને પોલીસવાળાએ તું તારીથી વાત

‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17 Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
22-3-2017

ચાલુ કરી અને તું કોણ છે ? અને મને શેના પ્રશ્નો કરે છે ? તેમ કહી ગમે તેવા અપશબ્દો કહેવા લાગ્યા. મને કહે, તમે શેના પૈસા લેવા નીકળી પડયાં છો તેમ કહી મારા હાથમાંથી લવાજમની ચોપડી ખેંચી લીધી અને ફાડવા લાગ્યા. મેં તેમના હાથમાંથી લવાજમની ચોપડી ઝુંટવી લીધી એટલે પોલીસે મારા હાથ પર લાત મારી તેથી તેમની પાછળ તેમને પકડવા હું દોડી પરંતુ તે મારો હાથ છોડાવી દોડીને પોલીસવાનમાં બેસી ગયાં. મેં ‘સેવા’માં ફોન કર્યો. મંજુલાબહેન આવી ગયાં અને આ બનાવ બનતા આગેવાનો પણ બધા ભેગા થઇ ગયા. અમે કારંજ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ત્યાં ડી.સી.પી. શેખરસાહેબ હતાં. અમે આખા બનાવની વાત ડી.સી.પી. સાહેબને કરી તો પહેલાં તો તે માનવા જ તૈયાર નહોતા કે અમારા પોલીસ કોન્સ્ટેબલે તમને માર્યા છે. કહેવા લાગ્યાં કોઇ અસામાજીક તત્વો પૈસા ઉઘરાવતા હશે અને અમારી સાથે ઝઘડો કરી ભાગી ગયા હશે. મેં કહ્યું સાહેબ, તમે અસામાજીક તત્વોને પોલીસવાનમાં ફેરવો છો. તેમને ગાડી નંબર આપતાં તેમણે વાયલેસ પર વાત કરી તો ખબર પડી કે તેમનો જ કોન્સ્ટેબલ પૈસા ઉઘરાવતો હતો. છતાં પણ પોલીસનો પક્ષ લેતા મને કહે બેન, તમે એ પોલીસ કોન્સ્ટેબલને ઓળખી શકશો ? મેં હા પાડી તેમણે વર્ધીમાં સજ્જ ૨૫ એક જેટલા પોલીસવાળાને એક સાથે લાઇનમાં ઉભા રાખ્યાં. એમને એમ કે, આ બેન ઓળખી નહીં શકે. મેં બધા કોન્સ્ટેબલમાંથી મને જે પોલીસે મારી હતી તેને મેં ઓળખી બતાવ્યા. ડી.સી.પી.એ તેની પૂછપરછ કરતાં તેમને લાગ્યું કે બેન ખરેખર સાચું બોલે છે. મને પોલીસે મારી હોવાથી હાથ પર સોજો પણ ચડી ગયો અને તે સાહેબે જોયું.

ડી.સી.પી.સાહેબે મને પૂછ્યું કે બેન, બોલો આ કોન્સ્ટેબલને તમે કહો તો સસ્પેન્ડ કરી દઉં. પણ મેં ના પાડી. કારણ, તે પોલીસવાળા ભાઇ સસ્પેન્ડ થાય તો પણ ભોગવવાનું તો તેની પત્નિ જ ને એટલે કે એક બેનને જ ને ! અને તેમના બાળકોનું પણ ભવિષ્ય બગડી જાત, આથી અમે કહ્યું કે સાહેબ તેને સસ્પેન્ડ ન કરતાં પરંતુ તે આ ભાઇ જાહેરમાં માફી લખી આપે અને ફરી ક્યારેય કોઇ પણ બેન સાથે આવું વર્તન ન કરે. જ્યારે સાહેબે તેને સસ્પેન્ડ કરવાની વાત કરી તો એ ભાઇને ખેંચ શરૂ થઇ ગઇ ને તે પડી ગયા. તેમને તરત જ હોસ્પિટલ લઇ ગયા અને એક મહિલા કોન્સ્ટેબલ મને પણ હાર્ડવૈદને ત્યાં પાટો બંધાવા લઇ ગયાં.

આ તો ‘સેવા’ના મૂલ્યનો પ્રેરણારૂપ દાખલો છે કે, ખોટું તો કરવું જ નહીં પણ ખોટું થતું હોય તો તેની સામે આગેવાની લઇ લડત લડવી તે આપણાં ચંપાબહેને કરી બતાવ્યું.

- *ગીતા*

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-3-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧